ગાંધીનગર સમાચાર

આજથી હોળાષ્ટકનો આરંભ, શુભ કાર્યો વર્જીત

## @ગાંધીનગર

● સેકટર-૫ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ બપોરે ૩.૩૦ કલાકે સેકટર-૧૬ બેંક ઓફ ઈન્ડિયાની શૈક્ષણિક મુલાકાત લેશે.

# શહેરમાં તરખાટ મચાવનાર ચેઈન સ્નેચર ઝડપાયો

**અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી : સેકટર-૭ પોલીસ સ્ટેશનની હદના ૧૧ ગુનાઓ ડીટેકટ : આરોપી બે વખત પાસામાં ધકેલાયેલો છે**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી બાઈક પર આવીને બેફામ ચેઈન સ્નેચીંગ કરતી ગેંગના મુખ્ય સુત્રધારને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો છે. રીઢા ચેઈન સ્નેચર છના ઠાકોરની ધરપકડ કરી પુછતાછ કરતા અમદાવાદના ચાંદખેડા તથા સરદારનગરના ગુનાઓ ઉપરાંત ગાંધીનગર સે-૭ પોલીસ સ્ટેશનના ૧૧ ગુનાઓ ડીટેકટ થવા પામ્યા છે. જયારે ત્રણ લુંટના ગુનામાં પણ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે. સોનાની છ ચેઈન મળી રૂ. ૧.૬૯ લાખના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.એસ. ગેડમ તથા તેમની ટીમે બાતમીને આધારે નરોડા ગેલેક્ષી સિનેમા પાસે રોડ પરથી કુબેરનગરના છનાજી ઉર્ફે છનીયો જીવન ઠાકોરને પકડી પાડયો હતો. તેની પુછપરછ કરતાં ગાંધીનગર-અમદાવાદમાં બાઈક પર ચેઈન સ્નેચીંગના સંખ્યાબંધ ગુના આચર્યા હોવાનું બહાર આવ્યું છે. સે-૭ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા ચેઈન સ્નેચીંગ તથા લુંટના ચાર ગુનામાં વોન્ટેડ છના ઠાકોરની ધરપકડ કરી સઘન પુછપરછ કરતા તેના મિત્ર રાજેશ ઉર્ફે ડક્કી ત્રિકમ ઠાકોર સાથે મળીને બંનેએ સરદારનગર, ચાંદખેડા ઉપરાંત ગાંધીનગર શહેરના સે-૨, ૩, ૪, ૫, ૬ તેમજ સે-૧૩ માંથી ચેઈન સ્નેચીંગ કરી હોવાની કબુલાત કરી હતી તેની પાસેથી સોનાની છ નંગ ચેઈન (કિં. રૂ. ૧,૬૯,૦૦૦)નો મુદ્દામાલ મળી આવતા કબ્જે કરવામાં આવ્યો છે.

રીઢા ચેઈન સ્નેચરની પુછપરછમાં બહાર આવ્યુ છે કે તે અને તેનો મિત્ર રાજેશ બંનેએ મળીને આઠ મહીના પહેલા ચેઈન સ્નેચીંગ કરવાનો પ્લાન બનાવ્યો હતો અને એકલ દોકલ જતી મહિલાઓને ટાર્ગેટ બનાવી ચેઈન સ્નેચીંગ કરતા હતા. અત્યાર સુધીમાં ગાંધીનગરમાં ૧૧ સહિત કુલ ૧૩ ગુના આચર્યા હોવાની સનસની કબુલાત કરી લીધી છે. નોંધનીય બાબત છે કે અગાઉ પણ આ શખ્સ સે-૬, સે-૨૧, ઓઢવ અને સરદારનગર પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડાઈ ચુકેલો છે અને બે વખત પાસામાં પણ ધકેલાઈ ચુકયો છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસની હેલ્મેટ ડ્રાઈવ હજુ પણ ચર્ચાનો મુદ્દો બનેલ છે. કેટલાક વાહન ચાલકો ચાની કિટલીએ બેસી ચર્ચા કરી રહ્યા હતા કે માર્ચ એન્ડિંગમાં સરકારને નાણાંની તંગી પડી હોવાથી હેલ્મેડ ડ્રાઈવ દ્વારા ભંડોળ ઉભું કરાઈ રહ્યું છે.

● સોશિયલ મિડીયા પર હોળાષ્ટક અંગે પણ વિવિધ રમૂજી ટુચકા જોવા મળી રહ્યાં છે. એક ટૂચકામાં યુઝર્સને પોતાનું પ્રોફાઈલ પિકચર અપડેટ કરવા મંગળવાર હોળી પહેલાનો છેલ્લો દિવસ હોવાનું જણાવાયું છે કારણ કે બુધવારથી હોળાષ્ટક બેસે છે.

● ધો-૧૦ની બોર્ડની પરીક્ષાનું ગુજરાતીનું પેપર પ્રમાણમાં ઘણું સરળ રહેતા વિદ્યાર્થીઓમાં વધુ એક વાર ખુશીની લ્હેર જોવા મળી હતી. હવે બોર્ડની પરીક્ષાઓ પૂર્ણતાને આરે છે ત્યાર બાદ અન્ય ધોરણના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓ પ્રારંભ થશે.

● વાર્ષિક પરીક્ષાઓ ટાણે જ ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ચાલુ થતો હોવાથી બાળકોના વાલીઓ ચિંતામાં મુકાયા છે. વિદ્યાર્થીઓનું મન ક્રિકેટની મેચમાં પરોવાયેલું રહેશે તો પરિણામ બગડશે તેવી વાલીઓમાં ફડક પેસી છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક ગુરૂવારે મળશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આગામી તા. ૧૭મી માર્ચના રોજ બપોરે ૪.૦૦ કલાકે સેકટર-૧માં આવેલ ગાયત્રી મંદિર નજીકના શિવાલય પરિસરમાં બેઠક યોજાશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં પદાધિકારીઓને, કારોબારી સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## કડી કેમ્પસમાં વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા આયુર્વેદ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-૨૩માં આવેલી બીબીએ કોલેજના વિમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા આયોજીત વર્કશોપમાં બીબીએની ૧૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ગાંધનગરના જાણીતા મહિલા અગ્રણી ડૉ. આશાબેન લેકીનવાલા વૈદ હાજર રહ્યા હતા. તેમણે મહિલાઓને લગતા પ્રશ્નો તેમજ વિદ્યાર્થીનીઓને સ્ત્રી રોગ બાબતે અવગત કર્યા હતા તેમજ તેના માટે ઘરગથ્થુ ઉપચાર માટેની માહિતી આપી હતી. સાથે સાથે આર્યુવેદથી અનેક ગંભીર રોગના ઉપચાર થઈ શકે છે તેમજ તેના માટે દેશી દવા તેમજ આહાર વિહારમાં ધ્યાન રાખવું ખુબ જરૂરી છે તેમ જણાવ્યું હતું.





સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓ દ્વારા મુંઝવતા પ્રશ્નો આશાબેનને પુછવામાં આવ્યા હતા જેનો જવાબ તેમણે ખૂબ સંતોષજનક રીતે આપ્યો હતો. આ કાર્યક્રમમાં બીબીએ કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી દ્વારા વિદ્યાર્થીનીઓને આત્મવિશ્વાસ કેળવવા વિવિધ સૂચનો કરાયા હતા સાથે સાથે ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીનીઓને યોગ તેમજ તેના ફાયદા જણાવ્યા હતા. તદઉપરાંત તેઓએ યોગ દ્વારા કઈ રીતે ગંભીર બીમારીઓને પણ મટાડી શકાય છે તે બાબતે વિદ્યાર્થીનીઓને વિસ્તૃત માહિતી આપી હતી અને વિવિધ આસનો વિષે પ્રાથમિક માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કડી સર્વ વિશ્વ વિદ્યાલયનું વિમન ડેવલપોમેન્ટ સેલ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સતત અનેકવિધ પ્રવૃતિનું આયોજન કરી રહ્યું છે. સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ અધ્યાપક પ્રો. માર્ગી દેસાઈ દ્વારા સફળતાપૂર્વક આયોજીત કરવામાં આવ્યો હતો.

## પ્રજાપતિ સમાજના રાષ્ટ્રીય જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૧૭મી એપ્રિલ ૨૦૧૬ના રોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય જીવનસાથી પંસદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળામાં ભાગ લેવા સમાજના ઈચ્છુકોએ તા. ૨૫મી માર્ચ સુધીમાં ફોર્મ ભરીને કન્વીનર પોપટલાલ પ્રજાપતિ પ્લોટ નં. ૧૦૯૯/૨, સેકટર-૩-ડી ખાતે મોકલવાનું રહેશે. આ અંગેની જાણ કરવા સમાજના મહામંત્રી ભરતભાઈ પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શેરથા પાસે માર્ગ અકસ્માતમાં લોકરક્ષકનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૧૫

જિલ્લાના કલોલ ખાતે ફરજ બજાવતા લોકરક્ષક ગઈ રાત્રે બાઈક લઈને શેરથા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આગળ જતી ટ્રકની પાછળ બાઈક ઘૂસી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૩૦ન વર્ષીય લોકરક્ષકનું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજયું હતું.અડાલજ પોલીસે ઘટના અંગે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક ભાટ ગામમાં પાણીની ટાંકી નજીક રહેતા ૩૦ વર્ષીય લગધીરભાઈ માલજીભાઈ દેસાઈ કલોલ ખાતે લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ગઈ રાત્રે એક વાગ્યાના અરસામાં લોકરક્ષક પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન શેરથા ચોકડીથી થોડે આગળ તેમનું બાઈક ટ્રક સાથે અથડાઈ ગયું હતું. આગળ જતી ટ્રકની પાછળ બાઈક ઘુસી જતા લોકરક્ષક ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ ઘટના અંગે પોલીસને જાણ થતા અડાલજ પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી ગુનાની તટસ્થ તપાસ શરુ કરી છે.

## છેતરપીંડીમાં ગયેલા બાઈક સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબીની ટીમ શહેરના ક-૭ ચોકડી પાસે વાહનચેકીંગમાં હતી તે દરમિયાન કોલવડા ખાતે રહેતો સુરેશ વાસુભાઈ શાહ સિન્ધી એક બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં પકડાઈગયો હતો. બાઈક અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ ન આપી શકતા બાઈક કબ્જે લઈ સુરેશની અટકાયત કરી વધુ તપાસ આરંભી હતી. શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુનો વર્ષ ૨૦૧૦માં બન્યો હતો તે ગુનામાં આ બાઈકનો નંબર જોડાયેલો હોવાનું ખુલતા આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.





## અહો આશ્ચર્યમ...!! ૮૬ વર્ષની ઉંમરે મેળવી પીએચડીની ઉપાધિ

**નિવૃત્ત જીવન ગાળતા ડૉ. અનિલ ઉનાકરે ૮૬ વર્ષની ઉંમરે નેચરોપથી યોગ થેરેપી વિષયે પીએચડી હાંસલ કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું**

ગાંધીનગર, તા.૧૫

કોણ કહે છે કે ભણવાની એક ઉંમર હોય છે. ગાંધીનગરના એક ૬ વર્ષીય વયોવૃદ્ધ વડનગરા નાગર વડીલે તાજેતરમાં પીએચડીની ડિગ્રી હાંસલ કરી સાબિત કરી બતાવ્યું છે કે માનવીના જીવનમાં ભણવાની કોઈ ઉંમર હોતી નથી. દરેક વ્યકિત અગર ચાહે તો આજીવન વિદ્યાર્થી બની જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.



ગાંધીનગરમાં તમામ નગરજનો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરું પાડનાર આ ૮૬ વર્ષીય વડીલ છે સરગાસણ ચાર રસ્તા પાસે અક્ષત આઈકોન ફલેટમાં રહેતા ડૉ. અનિલ જયંતિલાલ ઉનાકર (વછરાજાની). વર્ષ ૧૯૩૦માં જન્મેલા ડૉ. અનિલ ઉનાકરને તાજેતરમાં જ કોલકાતાની અલ્ટરનેટીવ મેડીકલ કાઉન્સિલ દ્વારા 'નેચરોપથી યોગ થેરેપી' વિષયે ડોકટરેટ ઓફ ફિલોસોફી એટકે પીએચડીની ડિગ્રી એનાયત કરી છે. આ ડિગ્રી તેમને કાઉન્સિલના ૧૯માં વાર્ષિકોત્સવ દરમિયાન કોલકાતાના સાયન્સ સીટી ઓડિટોરીયમ ખાતે એનાયત કરવામાં આવી હતી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)નું ભારત ખાતેનું પ્રતિનિધિત્વ ધરાવતી અલ્ટરનેટીવ મેડીકલ કાઉન્સિલ કોલકાતાના 'બરસાત હ્યુમન ફાઉન્ડેશન' દ્વારા ચલાવાય છે. ડૉ. અનિલ ઉનાકરની સિધ્ધિને જોતા બરસાત હ્યુમન ફાઉન્ડેશન દ્વારા પણ તેમને 'ગ્લોબ ઓફ ઓનર' એવોર્ડ આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું છે. આ એવોર્ડ અંતર્ગત તેમને સુવર્ણ કપ તથા પ્રમાણપત્ર એનાયત કરાયું છે.

ડૉ. અનિલ ઉનાકરે પોતાની જીંદગીના આ સ્ટેજે પીએચડીની પદવી પ્રાપ્ત કરી તેમના માત્ર વડનગરા નાગર સમાજનું જ નહી પરંતુ સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ સાથે તેમણે જીવનમાં અભ્યાસથી કંટાળી જતા કે નાસીપાસ થતા વિદ્યાર્થીઓ સહિત પ્રવૃત્તિહીન જીંદગી જીવતા નિવૃત્તો માટે પણ પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે.

## અમારા ટયુશનનો વિદ્યાર્થી જ કલાસમાં ફર્સ્ટ આવશે

**શહેરની કેટલીક ખાનગી શાળાના ટયુશનિયા શિક્ષકો દ્વારા એસાઈન્મેન્ટના બહાને વાર્ષિક પરીક્ષાના પેપર આપી દેવાતા હોવાની બૂમ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં પરીક્ષાઓની મૌસમ જામી ચૂકી છે. ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા હાલ ચાલી રહી છે. બોર્ડની પરીક્ષાઓ પૂરી થવાની સાથે જ શાળાઓમાં અન્ય ધોરણોની પરીક્ષાઓનો પ્રારંભ થઈ જશે. જો કે શહેરની કેટલીક ખાનગી શાળાઓમાં હજુ પણ ટયુશનનું દૂષણ ધૂણી રહ્યું છે. ટયુશનિયા શિક્ષકો દ્વારા પોતાના વિદ્યાર્થીઓને એસાઈન્મેન્ટના બહાને વાર્ષિક પરીક્ષાના પેપરો જ આપી દેવાતા હોવાની વાતો નગરમાં ચર્ચાઈ રહી છે. કેટલીક શાળાઓમાં અમુક વાલીઓએ આચાર્યને મળી આ બાબતે ફરિયાદ કરતા સામ સામે ઉગ્ર દલીલોના દશ્યો સર્જાયા હતા.

શહેરની કેટલીક ખાનગી શાળાઓમાં હજુ પણ ટયુશનિયા શિક્ષકો દ્વારા પક્ષપાત કરાતો હોવાની રાવ ઉઠી રહી છે. આ શિક્ષકો દ્વારા પોતાને ત્યાં ટયુશન માટે આવતા વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો એસાઈન્મેન્ટના બહાને આપી તેમનું રીઝલ્ટ ઉચું લાવવા પ્રયાસો કરાય છે. શાળામાં વગદાર શિક્ષકોને આચાર્ય દ્વારા પેપર સેટ કરવા આપવામાં આવતા હોય છે. આ પેપર સેટરો પોતાના ટયુશનિયા વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે એસાઈન્મેન્ટ આપે છે. હકીકતમાં એસાઈન્મેન્ટની આડમાં તેઓ પોતે સેટ કરેલ પેપરના પ્રશ્નો જ આપી દેતા હોય છે. જેથી તેમનો વિદ્યાર્થી કલાસમાં વધુ ગુણ મેળવી તેમના ટયુશન કલાસનું રીઝલ્ટ વધુ લાવે. જેથી જે વિદ્યાર્થીઓ ટયુશનમાં ના આવતા હોય તેમને બીજા વર્ષથી આકર્ષી શકાય. આ શિક્ષકો વર્ગખંડમાં અલગ એસાઈન્મેન્ટ આપે છે અને ટયુશન કલાસમાં અલગ. વળી ટયુશનિયા વિદ્યાર્થીને આપેલુ એસાઈન્મેન્ટ અન્ય વિદ્યાર્થીને નહી બતાવવા ખાસ તાકીદ કરે છે જેથી આ બાબતની કોઈને જાણ થાય નહીં.

આવી જ રીતે એક ખાનગી સ્કૂલના શિક્ષકે પોતાના ટયુશનિયા વિદ્યાર્થીઓને એસાઈન્મેન્ટ આપ્યા બાદ અન્ય વિદ્યાર્થીના વાલી સમક્ષ શેખી મારી હતી કે તેના ટયુશનનો વિદ્યાર્થી જ કલાસમાં ફર્સ્ટ આવશે. આથી પેલા વાલીએ આચાર્યને રજૂઆત કરતા મામલો ચડસાચડસી સુધી પહોંચ્યો હતો. શિક્ષકોની આવી મેલી રમતના કારણે ટયુશન ના જતા વિદ્યાર્થીઓ સાથે ભારોભાર અન્યાય થઈ રહ્યો છે અને તેમના આત્મવિશ્વાસ પર ગંભીર અસરો પડી રહી છે. કેટલાક વાલીઓ ના છૂટકે પોતાના સંતાનનું પરિણામ સારૂ લાવવા ટયુશન બંધાવવા મજબૂર બન્યા છે.જો કે આચાર્ય એ વાલીઓને વિશ્વાસ અપાવ્યો હતો કે અમે ત્રણ શિક્ષકો પાસે અલગ અલગ પેપર સેટ કરાવીએ છીએ અને તેમાંથી પોતે ફાઈનલ પેપર સેટ કરે છે. જો કે આ બાબતે પણ વાલીઓએ દલીલ એવી કરી હતી કે આ પરિસ્થિતિમાં પણ પેલા ટયુશનિયા શિક્ષકે આપેલા એસાઈન્મેન્ટનો સારો એવો ભાગ પેપરમાં પુછાય એટલે વિદ્યાર્થીઓ સમક્ષ તેમણે કરેલો દાવો સાચો સાબિત ઠરે અને અન્ય વિદ્યાર્થીઓને તો અન્યાય જ થાય. વાલીઓના મતે નોકરી સાથે ખાનગી ટયુશન ચલાવતા શિક્ષકો સામે તંત્ર એ તથા શાળા સંચાલકોએ કડક હાથે કામ લેવું જોઈએ તેથી આ દૂષણને કાયમી ધોરણે દૂર કરી શકાય.

## હોળીના તહેવારમાં ધાણી-ચણાનું સેવન શરદી કફમાં લાભદાયક

**હોળી પ્રાગટયથી રોગિષ્ટ તત્વોનો નાશ થાય છે**

ગાંધીનગર, તા.૧૫

ઋતુચક્રના બદલાતા ચક્રો વચ્ચે આવતા હોળીના પર્વમાં આધ્યાત્મક અને વિજ્ઞાનનો અનોખો સમન્વય જોવા મળે છે. હોળીના પર્વને અનુલક્ષી બજારમાં અત્યારથી જ ધાણી અને ચણાના ઢગ ખડકાયેલા નજરે પડે છે. હોળીના પ્રાગટય સાથે વાતાવરણમાં રહેલ જીવાતો સહિત રોગિષ્ટ તત્ત્વોનો નાશ થતો હોવાનું મનાય છે. જેની સાથે વળતા શિયાળે કફ અને શરદીથી પીડીત દર્દીઓને માટે ધાણી, ચણા પણ આરોગ્ય વર્ધક હોવાનું સ્પષ્ટ થયુ છે. ખાસ કરીને હોળી ધુળેટીના પર્વમાં ધાણી ચણા ખાવાથી શરદી કફની તકલીફ પણ દૂર થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું વિશેષ મહત્વ છે. દરેક તહેવારની ઉજવણીમાં આધ્યાત્મિક મહત્વ સાથે વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ પણ જળવાયેલો હોય છે. હોળી-ધૂળેટીના પર્વમાં પણ હોળીના પ્રાગટય સાથે વાતાવરણમાં રહેલા રોગીષ્ટ તત્વો નાશ પામે છે. શિયાળાની ઠંડીના વિદાય વેળામાં આમ નાગરિકો ખાસ કરી વાયરલ ઈન્ફેકશન અને શરદી કફથી પ્રભાવિત હોય છે. બીજી તરફ આ દિવસોમાં તહેવારને અનુલક્ષી ધાણી-ચણા અને ખજૂર સહિતની ખાદ્ય સામગ્રીનો વિશેષ ઉપયોગ થાય છે. જેથી શરદી અને કફના દર્દીઓને ધાણી અને ચણા ખાવાથી કફનું શમન થાય છે. હોળીના પ્રાગટય સાથે આરોગ્ય સુખાકારીનું ઓજસ પથરાય છે. જયારે તહેવારના ઉપલક્ષમાં ઉપયોગમાં લેવાતી ખાદ્ય સામગ્રી પણ વાતાવરણ મુજબ આરોગ્ય લક્ષી પુરવાર થાય છે. હોળીનું પર્વ નજીકમાં છે ત્યારે બજારમાં ધાણી અને ચણાનું વેચાણ વધી ગયું છે. જો કે ગત વર્ષની સાપેક્ષમાં ધાણી ચણાના ભાવમાં યથાવત સ્થિતિ છે.

હોળીના પર્વ દરમિયાન લોકો ધાણી અને ચણાનું સેવન કરે છે બજારમાં જુવારની ધાણી અને મકાઈ ધાણીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જુવારની ધાણી ૮૦ રૂ.કિલો તેમજ મકાઈની ધાણી ૧૦૦ રૂ. કિલો હોવા છતા પણ વેચાઈ રહી છે. આ પર્વમાં ખવાતા દેશી ચણાની પણ વિવિધ વેરાઈટીઓ બજારમાં આવી ચુકી છે. નગરના નાગરિકો બજારમાં ધાણી, ચણા અને ખજૂર સહિતની ખાદ્ય સામગ્રી ખરીદતા જોવા મળી રહ્યા છે.



## સે-૧૩માં નજીવી બાબતે મારામારી : ત્રણ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૧૩ ખાતે સ્થિત પ્લોટ નં. ૫૫૩/૧માં રહેતા નિકેશ રાજેશભાઈ વાઘેલાએ સે-૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈ કાલે તેમના પડોશમાં રહેતા ત્રણ ઈસમોએ કૂતરૂ ઘરે બેઠું હતું તેવી નજીવી બાબતમાં ગાળાગાળી કરીને મારઝુડ કરી હતી અને જાતિ વિરૂધ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા. કુલદીપ અજીતસિંહ ચાવડા, દિલીપ ચાવડા અને અજીતસિંહ ચાવડા સામે નિકેશ વાઘેલાની ફરિયાદને આધારે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસીટી એકટ હેઠળ ગુનો નોંધી એસસીએસટી સેલના ડીવાયએસપીને તપાસ સોંપી છે. ત્રણ પૈકી દિલીપસિંહ પોલીસ હોવાનું જાણવા મળ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબેન આતાજી ઠાકોર, ઉ.વ.૮૫
- સ્વ. કાન્તિલાલ ગોપાલભાઈ વાળંદ, ઉ.વ.૬૮
- સ્વ. સવિતાબેન, ઉ.વ.૪૫